વર્ષ-૧૧, અંક-૯, સંવત ૨૦૭૧ ભાદરવા સુદ-૧૪,
પ્રસિધ્ધ તા. ૨૭-૦૯-૨૦૧૫, રવિવાર
છુટક નકલ રૂા. ૫-૦૦, વાર્ષિક લવાજમ રૂા. ૬૦-૦૦

Chetavni (GUJ) RNI No. GUJ GUJ / 2005 / 16095
Postal Regd. No. GAMC-1507/2015-2017 Valid up 31-Dec-2017
Posted at Ah'd PSO On 27th of Every Month
Licence to post without Prepayment No.
CPMG/GJ/129/2015-17 Valid upto 31-12-2017

## જય પરમાત્મા





**માતૃતુલ્યો મતઃ શિષ્યૈ પિતેવાત્ર હિતઃ સદા ।**
**યદાત્મશાન્તિઃ શિષ્યેભ્યઃ દત્તે છાયાં પરાં મુદા ॥**
**કાયેન મનસા વાચા સેવકેભ્યઃ સુશાન્તિદઃ ।**
**તસ્યાસ્તુ સદ્‌ગુરોદિવ્યં ચરણં શરણં મમા...**

શિષ્યેઓ જેમને (વાત્સલ્યમાં) માતા સમાન માનેલ છે. પિતાની માફક જેઓ હિત કરવામાં રત છે. જેઓના આત્માની શાંતિ આનંદપૂર્વક શિષ્યોને પરમશાંતિ આપે છે; કાયા, વચન, મનથી સેવકોને શાંતિ આપનાર તે સદ્‌ગુરૂનું દિવ્ય ચરણ મારું ચરણ હો.

**સંહૃત્ય શિષ્યદુઃખાનિ તદ્‌દુઃખાનિ ભુનક્તિ યઃ ।**
**પ્રભુસેવાર્ચને પ્રાણાન્ સમર્પ્યાત્ર પ્રહૃષ્યતિ ॥**
**સંકટાના સમૂહં ચ પરમેશકૃપોપમમ્ ।**
**મત્વા સત્કુરુતે નિત્યં ગુરુવર્ય્યં વયં નુમઃ ॥**

જેઓ શિષ્યોનાં દુઃખો દૂર કરી તેમના દુઃખો પોતે ભોગવે છે. પ્રભુની સેવા તથા અર્ચનામાં પોતાનો પ્રાણ અર્પી જેઓ પ્રસન્ન રહે છે. સંકટોના સમૂહને જે પ્રભુનો કૃપાપ્રસાદ સમજી તેનું નિત્ય (મનથી) સ્વાગત કરે છે. તે ગુરૂદેવ (રમુજીલાલ)ને અમો પ્રણામ કરીએ છીએ.

(ગતાંગથી ચાલુ...)

સંસારરૂપી ભવસાગર તરવાની બ્રહ્મવિદ્યા એજ સાચી વિદ્યા છે. તે સિવાય બીજી બધી વિદ્યાઓ પેટ ભરવા યાને પ્રપંચ કરવા માટે છે. જે મનુષ્ય કેવળ લૌકિક વિદ્યાઓ પઢી, અભિમાન રાખી વધારેમાં વધારે તો પંડિત બની શકે છે પણ છેવટે તેને આ સંસારમાં ડૂબવું પડે છે. એટલે કે જન્મમરણના ફેરામાં હોમાવું પડે છે. એટલા માટે કહ્યું છે કે :-

**વેદશાસ્ત્રોપનિષદાં, પુરાણ સ્મૃતીનાં તથા ।**
**શબ્દાર્થ હેતુમજ્ઞાત્વા, વિદ્યા વ્યર્થાભિધીયતે ॥**
**અન્યથા શાસ્ત્ર સિદ્ધાંતો, વ્યાખ્યાંકુર્વંતિચાન્યથા ।**
**વિદ્યા હિ કા બ્રહ્મગતિ પ્રદાયિની ॥**
**(વલ્લભ વિષ્ટી ભાગ-૧)**

વેદ, શાસ્ત્ર, ઉપનિષદ, પુરાણ, સ્મૃતિ વગેરેના શબ્દાર્થ અને હેતુ (ભાવાર્થ) જાણ્યા વિના ભણેલી વિદ્યા નિરર્થક છે. હાલના વિદ્વાનો શાસ્ત્રોનો સિદ્ધાંત જુદો હોવા છતાં તેના અર્થો અને વ્યાખ્યાનો જુદો હોવા છતાં તેના અર્થો અને વ્યાખ્યાનો જુદાં કરે છે એટલે કે મરજી ફાવે તેમ અર્થો કર્યે જાય છે. પરંતુ બ્રહ્મગતિને અપાવે તેજ બ્રહ્મવિદ્યા શ્રેષ્ઠ છે.

**બ્રહ્મવિદ્યા મહાવિદ્યા સર્વદુઃખપ્રણાશિની ।**
**અવિછિન્નસુખા નિત્યં, ધાર્યતે હ્યાત્મયોગિભિઃ ॥**
**(તત્ત્વસાર)**

સર્વ દુઃખોનો નાશ કરનારી બ્રહ્મવિદ્યા એ મહાવિદ્યા છે અને અવિછિન્ન (કોઈ દિવસ છેદાય નહિ તેવી) સદા સત્ય સુખ આપનારી એ બ્રહ્મવિદ્યા આત્મયોગીઓ વડે નિરંતર ધારણ કરાય છે.

મહારાજશ્રી વલ્લભરામે આ વિષય પર જે કહ્યું છે, તે તમો ધ્યાનપૂર્વક સાંભળો.

**છપ્પા**

**વિદ્વતા શું મેળવી, વિદ્યા ભણીને ભ્રાત;**
**અસ્મૈ તસ્મૈ શીખીયા, ન જાણી મૂળ વાત.**
**ન જાણી મૂળ વાત, કોણ પોતે ને કેવો;**
**ક્યાં આવ્યો ક્યાં જઈશ, અનુભવ ન થયો તેવો.**
**ન જાણ્યા પરમેશ, અજાણી ઈશ્વર સત્તા;**
**કહે છે "વલ્લભરામ", મેળવી શું વિદ્વતા.**

વિદ્વતા ભાષા આવડી, સંસ્કૃત બોલ્યા બોલ;
શું તેમાં આવી ગયું, શું શબ્દે કર્યો તોલ.
શું શબ્દે કર્યો તોલ, શાસ્ત્ર પુરાણ ભણીને;
મિથ્યાધર્યું અભિમાન, રસ્વને દીર્ઘ ગણીને.
કૌમોદી વ્યાક્રણ, ભણે ક્યાં પ્રભુના પત્તા;
કહે છે ''વલ્લભરામ'', મેળવી શું વિદ્વતા.

વિદ્વતા ભાષા તણી, વધ્યું વિદ્યાભિમાન;
મોક્ષમાર્ગ જાણ્યો નહિ, તો પોપટીયું જ્ઞાન.
તો પોપટીયું જ્ઞાન, ભણ્યા પૈસાની વિદ્યા;
દેખે તેવું લોક કહીને, કરેજ નિંદ્યા.
લખ્યું જાણ્યું તે વિદ, જ્ઞાન વણ ખાદ્યા ખત્તા;
કહે છે ''વલ્લભરામ'', મળી ભાષા વિદ્વતા.

ધિક્કાર છે એ વિદ્યાને, જે જ્ઞાન આપી શકતી નથી;
ધિક્કાર છે એ વિદ્યાને, જેમાં પવિત્ર ભક્તિ નથી.
ધિક્કાર છે એ વિદ્યાને, જ્યાં ધર્મનો અક્ષર નથી;
ધિક્કાર છે એ વિદ્યાને, સત્કર્મની સાક્ષર નથી.
સદ્વિધા સંતાઈ ગઈ, ભણેલ ભિખારી જણાય છે;
કારકુનીયા કેળવણીથી બળ, નેત્ર, બુદ્ધિ જાય છે.

**૮. સત્ય :-** એટલે જેમાં કાંઈપણ અસત્ય ન હોય, તથા કોઈના પ્રત્યે રાગ, દ્વેષ, ક્રોધ, ઈર્ષા, અસૂયા (અદેખાઈ યા પારકાના ગુણોમાં દોષ શોધવા તે) આદિ દોષવૃત્તિ રાખ્યા સિવાય જે સંપૂર્ણ રીતે યથાર્થ હોય અને જેમાં અસત્યનો કે વિકારબુદ્ધિનો અંશ પણ ન હોય તેવા યથાર્થ કથનને ''સત્ય'' કહેવાય છે.

પરંતુ શાસ્ત્રકારોએ અનુભવદ્વારા જે નિશ્ચય કરેલો હોય તેને પ્રિય શબ્દોમાં એવી રીતે કહેવો કે કોઈ નિર્દોષ પ્રાણીને તે વચનોથી આઘાત લાગે નહિ, કડવું લાગે નહિ, કાંઈ નુકસાન થાય નહિ. સત્ય કહેવામાં પણ સત્ય કહેનારે પરાયાની પ્રતિષ્ઠાનો ખ્યાલ રાખીને તથા તેના અંતઃકરણને દુઃખ ન થાય તેવી રીતે પોતાનો કે પોતાના સ્નેહીનો

કાંઈપણ સ્વાર્થ ન સરે અગર કોઈ પણ સ્વાર્થ સાધવાનો હેતુ ન હોય તેવી રીતે કહેવું. અર્થાત્ પ્રિય હોય, નિષ્કપટ ભાવ હોય, યથાર્થ હોય, કોઈનું અહિત કરનાર ન હોય, કોઈનું અહિત થવા સંભવ ન હોય અને જેને કહેતા હોઈએ તેનું આ સત્ય ભાષણથી હિત થવાનો સંભવ હોય, જેમ કડવી દવા રોગ મટાડે છે તેમ મીઠા શબ્દથી ન સમજનારને માત્ર એકજ વખત કડવા શબ્દથી યથાર્થ સમજાવવું; પરંતુ જો તે વ્યક્તિ યથાર્થ ન માને અગર કડવું કહેવાથી જેને શિખામણ ન લાગતાં ખોટું લાગે, તેવા માણસને જીવનભરમાં સત્યવક્તાએ ફરીથી યથાર્થ સત્ય કહેવું નહિ અને સત્ય કહેવાના અપરાધ માટે ક્ષમા માગી, જે સત્ય માનતા હોય તેવાનેજ સત્ય કહેવું.

અભિમાની, વિષાયતુર, પરાઈ અથવા સ્ત્રીબુદ્ધિએ ચાલનાર, અતિ ધનલોભી, ગુરુદ્રોહી, દાંભિક અગર અશ્લીલ મનુષ્યને કદાપિ સત્ય હોય તોપણ કહેવું નહિ.

આ રીતે શાસ્ત્રોએ આચરણમાં ઉતારવા યોગ્ય પ્રભુપ્રાપ્તિ કરાવનારા સાધનો બતાવ્યા છે. તેને મનુષ્યજીવનમાં ઉતારવાથી અનેક પ્રકારના દૈહિક અને આત્મિક લાભ થાય છે.

મહાભાષ્યકાર વ્યાસ યોગદર્શનમાં જણાવે છે કે મન, વચન અને ક્રિયા, એ ત્રણેમાં સત્યસિદ્ધિ હોવાથી યોગીની વાણી અમોઘ થઈ જાય છે, કે જેનું પ્રત્યક્ષ દ્રષ્ટાંત મને મારા પુત્રથી (શુકદેવથી) મળ્યું છે. તેનું વચન ખોટું યા ખરું હોય છતાં તે સત્યજ થઈ જાય છે. (જુઓ યોગદર્શન ૨-૩૬ વ્યાસભાષ્ય) યોગીનો કોઈના પ્રત્યે પૂર્ણ પ્રેમ હોય છતાં તેનું વર્તન જ્યારે પોતાના કર્મથી વિરૂદ્ધ થાય, ત્યારે તે આઘાતથી યોગી કંપી ઊઠે છે અને તે કંપન કરાવનાર આત્માનું વિના શ્રાપે સર્વ પ્રકારે અહિત થાય છે; પણ શુદ્ધ અંતરથી પશ્ચાતાપ કરીને ક્ષમા મેળવતાં તે દુઃખ દૂર કરી શકાય છે.

**દ્રષ્ટાંત-૧**

શાંતાદેવી નામની વિધવા બ્રાહ્મણી ઉત્તર પ્રદેશમાં રહેતી હતી. તેણીને બે પુત્રો હતા. એકનું નામ શિવશંકર અને બીજાનું નામ પ્રાણનાથ હતું. ઘરની આર્થિક સ્થિતિ સારી ન હોવાતી શિવે માતાને વિનંતી કરી કે હે મા ! તું મને નોકરી માટે બીજે ગામ જવા દે. હું કોઈપણ જાતની નોકરી કરીશ અને તારે માટે ઘરખર્ચના પૈસા મોકલીશ. પ્રથમ માતાએ સાફ ના પાડી. પણ શિવે બહુજ આગ્રહ દર્શાવ્યો ત્યારે માતાએ રજા આપી.

શાંતાદેવી બહુજ બુદ્ધિશાળી અને ધર્મપરાયણ સ્ત્રી હતી. તેની પાસે રૂપિયા એકતો

હતા. તેમાંથી રૂપિયા પચીસ શિવને ઓશીકામાં સીવી આપ્યા અને કહ્યું કે હે પુત્ર ! જ્યારે પણ રસ્તામાં યા બીજા ગામમાં પૈસાની જરૂર પડે તો આ ઓશીકામાંથી પૈસા વાપરજે. વિદાય થતી વેળા શિવે માતાને દંડવત્ પ્રણામ કર્યા. ત્યારે માતાએ કહ્યું કે પુત્ર શિવ ! તું મારું એક વચન પાળજે કે જૂઠ કદી ન બોલીશ. ભલે તારૂ સર્વસ્વ ફના થઈ જાય, પણ જાુઠ બોલીશ નહિ. પુત્રે માતાને વચન આપ્યું કે હે મા ! હું તારા કહ્યા પ્રમાણેજ વર્તીશ. તે ઉપરાંત તેં મને જે કાંઈ ધર્મનો બોધ સંભળાવ્યો છે તેને હું મારા જીવનમાં ઉતારીશ અને મનુષ્યાવતાર સાફલ્ય કરીશ. માતાએ પંદર વરસના પુત્રને ઉત્તમ આશીર્વાદ આપી વિદાય કર્યો.

આ વેળા એક કાફલો જતો હતો. તેની સાથે સાથે શિવ ચાલવા લાગ્યો. જેવો કાફલો વનમાંથી પસાર થતો જણાયો કે વનના ચોરોએ કાફલા પર ચઢાઈ કરી લૂંટ કરવાનું શરૂ કર્યું. ચોરોએ કાફલાના દરેક માણસને લૂંટી લીધા. હવે શિવ બાકી રહ્યો હતો. ચોરના સરદારે શિવને પૂછ્યું કે, તારી પાસે પૈસા કે જણસ છે કે ? શિવે કહ્યું કે હા, આ ઓશીકામાં પચીસ રૂપિયા મારી માતાએ સીવી આપ્યા છે. ચોરના સરદારે શિવ પાસેથી ઓશીકું લઈ લીધું અને ઓશીકું કાપીને જોયું તો પચીસ રૂપિયા નીકળ્યા. ચોરના સરદારે પૂછ્યું કે તારા દેખાવ પરથી તું ઉત્તમ કુળનો છોકરો દેખાય છે. માટે તારું નામ શું છે ? છોકરાએ પોતાનું નામ 'શિવશંકર' જાહેર કર્યું.

ચોરના સરદારે પૂછ્યું કે તેં શા માટે મને કહ્યું કે આ ઓશીકામાં પચીસ રૂપિયા છે ? તને તો ખબર હતી કે અમો બધા ચોરો છીએ. તે ઉપરાંત તું તદ્દન સાચું બોલ્યો કે રકમ પચીસ રૂપિયાજ છે.

ત્યારે શિવે કહ્યું કે જ્યારે હું ઘરેથી વિદેશ આવવા નીકળ્યો ત્યારે મારી માતાએ મને આજ્ઞા કરી હતી કે ''હે પુત્ર ! ભલેને તારું સર્વસ્વ ફના થઈ જાય પણ જાુંઠ કદી બોલીશ નહિ. સદા સત્ય વચનજ ઉચ્ચારીશ. સત્યજ પ્રભુનું સ્વરૂપ છે અને કેવળ તેની પ્રાપ્તિ પણ સત્ય વચન બોલવાથીજ થાય છે. યાદ રાખ કે જીવ બાર લાખ જાત જાતની યોનિમાંથી પસાર થાય છે. ત્યારે પ્રભુ તેના પર અત્યંત દયા કરી તેને એકવાર મનુષ્ય યોનિ આપે છે. માટે આ મનુષ્યાવતાર એ સત્યનો અવતાર છે અને પ્રભુપ્રાપ્તિ એજ એ અવતારનું ધ્યેય છે. ભલેને સત્યવાન પર લાખો વિઘ્નો આવે પણ તેનું આયુષ્ય બહુજ ટૂંકું હોય છે. મરણ તો દરેકને માટે નિર્માણ થયેલું જ હોય છે. માટે સત્ય વચન કહેતાં મરણ પણ થાય તો તે

મરણને તું ખુશીથી ભેટજે. સત્યમાંજ પ્રભુનો વાસ છે. ભલે તને લાખો વિઘ્નો આવે પણ તારા તન, મન, ધન અને આત્માથી સત્યની રક્ષા કરજે અને મારી કૂખને દીપાવજે.

**સત્ય વચન અરુ દીના, પરસ્ત્રી માત સમાન;**
**ઈતનેસે હરિ ના મીલે, તો તુલસી જાુઠ જબાન.**

માતાનું ગમે તેવું વચન પાળે તેજ પુત્ર ગણાય છે. બાકી તો પથરા સમજવા. સાવકી માતાના વચન ઉપર શ્રીરામચંદ્રે વનવાસ ભોગવ્યો. યાદ રાખજે કે :- અસત્યવાનનો જય થયા સિવાય વિનાશ થતો નથી અને સત્યવાનનો પરાજય થયા સિવાય ઉદય થતો નથી.'' માટે મેં મારી માતાના વચનનું પાલન કર્યું છે અને તમોને સત્ય વાત કહી દીધી છે.

સત્યવક્તા શિવના શબ્દો ચોરોના સરદારના અંતરમાં સીધા ઉતરી ગયા અને તે શબ્દોએ તેના હૃદયને વીંધી નાંખ્યું. ચોરોના સરદારની આંખોમાં હરખના આંસુ આવી ગયા અને તે બોલ્યો કે હે શિવ ! તું ઉંમરમાં બહુજ નાનો છે. છતાં તને અને તારી માતાને ધન્ય છે ! તારી માતાએ તને કહેવા વચનો વેદવાક્યો સમાન છે. મેં આખી જીંદગી ચોરી કરીને જ વીતાવી દીધી છે. પણ આજે તારા શબ્દોએ મારા અંતરના ચક્ષુઓ ખુલ્લા કરી દીધા છે. મેં કરેલા નીચ કૃત્યોને લાખો વાર ધિક્કાર છે. તે તારી માતાની આજ્ઞા પૂર્ણપણે પાળી છે, માટે તને ધન્યવાદ ઘટે છે. પણ અમોએ ધર્મશાસ્ત્રોદ્વારા પ્રભુએ આપેલી આજ્ઞાઓનું પાલન કર્યું નથી, માટે અમોને ધિક્કાર ઘટે છે. એમ કહી ચોરના સરદારે પચીસ રૂપિયા ઓશીકામાં પાછા મૂકી દીધા અને ઓશીકું સીવી શિવને આપી દીધું. તે ઉપરાંત કાફલાના માણસોનો ચોરેલો માલ વિગેરે તેઓને પાછું આપી દીધું. શિવને જતી વેળા ચોરના સરદારે કહ્યું :- હે શિવ ! આજથી હું પ્રતિજ્ઞા લઉં છું કે મહેનત મજુરી કરીને અમારો નિર્વાહ ચલાવીશું પણ કોઈપણ નિર્દોષને લૂટીશું નહિ. સત્યના આવા પ્રભાવથી ચોરોના સરદારની મનોવૃત્તિ પવિત્ર બની ગઈ અને સદાને માટે ચોરીનો ધંધો બંધ કર્યો.

**દ્રષ્ટાંત-૨**

પંજાબમાં એક સમય ચાતુર્માસમાં વર્ષા ન થવાને કારણે બહુ મોટો દુકાળ પડ્યો. અન્ન વિના લોકો બહુ દુઃખી થયા. સર્વ લોકોએ સાથે મળી રાજાની પાસે જઈ વિનંતી કરી કે વર્ષા ન થવાના કારણે પ્રજા ભૂખે મરે છે, માટે કાંઈક ઉપાય કરવો જોઈએ. રાજાએ દયા કરી બ્રાહ્મણો પાસે મંત્રજાપ કરાવ્યા, અનેક પ્રકારના પૂજાપાઠ આદિ કરાવ્યા, છતાં વરસાદ ન થયો. રાજાએ યજ્ઞ કરાવ્યો છતાં પણ વરસાદ ન થયો.

આખરે રાજાએ તેના પ્રધાનમંડળની સલાહ લીધી. રાજાએ કહ્યું કે તમો કાંઈક માર્ગ કાઢો કે જેનાથી વરસાદ થાય અને પ્રજા સુખી બને. કારણ કે સર્વ પ્રજા નષ્ટભ્રષ્ટ બની ગઈ છે. પ્રધાનમંડળે રાજાને કહ્યું કે આપણા નગરના પશ્ચિમ દરવાજા પર શામળદાસની દુકાન છે. તે મોટો સત્યવાદી છે. શામળદાસ એની જિંદગીમાં જાુઠ બોલ્યો નથી અને બોલશે નહિ. તે દુકાનનું લેણદેણ પણ ન્યાય, નીતિ અને વિવેકપૂર્વક કરે છે. તેના જીવનમાં સત્ય પૂર્ણપણે ઊતર્યું છે. માટે આપ એની પાસે જાવ અને જો શામળદાસ પ્રભુને વિનંતી કરે તો વર્ષા જરૂર થશે.

રાજા સવારે પાલખીમાં બેસી શામળદાસની દુકાને આવ્યો. શામળદાસે રાજાની આગતાસ્વાગતા કરી અને પધરામણીનું કારણ પૂછ્યું. રાજાએ કહ્યું કે :- નગરમાં ચાતુર્માસમાં વર્ષા ન થવાથી પ્રજામાં શોરબકોર મચી રહ્યો છે, મેં યજ્ઞયાગાદિ બધું કરાવી જોયું છતાં વરસાદ પડ્યો નહિ. આખરે થાકીને હું તારી પાસે આવ્યો છું. માટે તારી કૃપાથી વરસાદ થાય એવી યોજના શોધી કાઢો.

શામળદાસે રાજાને ટાળવા માટે અનેક યુક્તિઓ રચી પણ રાજા ત્યારે સખત ગરમી હોવા છતાં દુકાનને આંગણે બેસી રહ્યો. રાજાએ કહ્યું કે :- ભલે મારું ગમે તે થાય પણ વરસાદ થાય ત્યાં સુધી હું અહીંથી જવાનો નથી.

શામળદાસે વિચાર્યું કે રાજા ભારે હઠીલો છે, ત્યારે તરત જ પોતાની દુકાનના ત્રાજવાના બે પલ્લાં પકડી બોલ્યો કે :- હે ત્રાજવા ! જો હું હંમેશા સાચું બોલ્યો હોઉં અને મેં ઘરાકની સાથે સાચા સોદા કર્યા હોય તો વર્ષા થાવ !

આટલું બોલતાંની સાથે પૂર્વ દિશાથી વાદળો મોટા પ્રમાણમાં નગર પર આવતાં દેખાયાં અને વાદળોએ આકાશને આચ્છાદન કરી દીધું. તરતજ વર્ષા થવા લાગી. એટલા જોરથી વરસાદની વૃષ્ટિ થઈ કે રાજાને ઘેર જવું મુશ્કેલ થઈ પડ્યું. પાછળથી રાજા શામળદાસને નમન કરી પોતાના મુકામે ગયો.

શામળદાસે વિચાર કર્યો કે :- હવે, નગરની અંદર રહેવામાં શોભા નથી. થોડા દિવસમાં દુકાન બંધ કરી, શામળદાસ બીજે ગામ ચાલી ગયો.

આ સત્ય ઘટના છે. જે વરસાદ યજ્ઞયાગાદિ કરાવવા છતાં ન થયો, તે વરસાદ એક સત્યવાન પુરૂષની સત્યનિષ્ઠાથી થયો. ખરેખર સત્યમાંજ સિદ્ધિ વસ છે. સત્ય એ જ

પરમેશ્વર છે. જગતમાં સત્ય સિવાય બીજાું કાંઈ નથી. સત્ય જ સર્વોપરી છે અને તેમાં સર્વ વસ્તુઓનો સમાવેશ થાય છે. માટે સત્યનો ત્યાગ કોઈપણ મનુષ્યે કદાપિ કરવો ન જોઈએ.

હવે ''સત્ય'' વિષે ધર્મશાસ્ત્રો શું કહે છે, તે ધ્યાનથી સમજો :

**યતઃ સત્યં યતો ધર્મો યતો હ્રીરાર્જવં યતઃ ।**
**તતો ભવતિ ગોવિન્દો યતઃ કૃષ્ણસ્તતો જયઃ ॥**
**(મહાભારત ઉદ્યોગ. ૬૮/૯)**

જ્યાં સત્ય, ધર્મ, ઈશ્વરવિરોધી કાર્યથી લજ્જા અને હૃદયની સરળતા હોય છે ત્યાં શ્રીકૃષ્ણ રહે છે અને જ્યાં શ્રીકૃષ્ણ રહે છે ત્યાં નિઃસંદેહ વિજય છે.

**સત્યેનાર્ક પ્રતપતિ સત્યે તિષ્ઠતિ મેદિની ।**
**સત્યં ચોકતં પરો ધર્મઃ સ્વર્ગઃ સત્યે પ્રતિષ્ઠિતઃ ।**
**અશ્વમેધસહસ્ત્ર ચ સત્યં ચ તુલયા ધૃતમ્ ।**
**અશ્વમેધસહસ્ત્રાદ્ધિ સત્યમેવ વિશિષ્યતો ॥**
**(માર્ક. ૮/૪૧-૪૨)**

સત્યથીજ સૂર્ય તપે છે, સત્યથીજ પૃથ્વી સ્થિત છે, સત્ય ભાષણ સર્વથી મહાન ધર્મ છે અને સત્ય પરજ સ્વર્ગ પ્રતિષ્ઠિત છે. જો એક હજાર અશ્વમેઘ યજ્ઞ અને એકલા સત્યને ત્રાજવામાં જોખવામાં આવે તો હજાર અશ્વમેઘ યજ્ઞથી પણ સત્યનું પલ્લું ભારી સિદ્ધ થશે.

**સત્યપ્રતિષ્ઠાયાં ક્રિયાફલાશ્રયત્વમ્ ।**
**(મહર્ષિ પતંજલિ યોગદર્શન)**

સત્યની દૃઢ સ્થિતિ થઈ ગયા બાદ યોગીમાં ક્રિયા-કર્મનો આશ્રયભાવ આવી જાય છે.

**સત્યં બ્રૂયાત્ પ્રિયં બ્રૂયાન્ન બ્રૂયાત્ સત્યપ્રિયમ્ ।**
**પ્રિયં ચ નાનૃતં બ્રૂયાદેષ ધર્મો વિધીયતે ॥**
**(સ્કન્દ પુરાણ, બ્રા.ધ.મા. ૬/૮૮)**

સત્ય બોલવું, પ્રિય બોલવું, સત્ય હોવા છતાં અપ્રિય બોલવું, પ્રિય હોવા છતાં અસત્ય ન બોલવું, આ ધર્મ વેદશાસ્ત્રો દ્વારા વિહીત (ફરમાવેલ) છે.

**સત્યં ધર્મસ્તયો યોગઃ સત્યં બ્રહ્મ સનાતનમ્ ।**
**સત્યં યજ્ઞઃ પરઃ પ્રોકતઃ સર્વં સત્યે પ્રતિષ્ઠિતમ્ ॥**
**(મહાભારત શાન્તિ. ૧૬૨/૫)**

સત્ય જ ધર્મ છે. સત્યજ તપસ્યા અને યોગ છે. સત્ય જ સનાતન બ્રહ્મ છે. સત્યજ સર્વશ્રેષ્ઠ યજ્ઞ છે. સત્યમાંજ સર્વ પ્રતિષ્ઠિત છે.

**નાસ્તિ સત્યાત્ પરો ધર્મો નાનૃતાત્ પાતકં પરમ્ ।**
**સ્થિતિર્હિ સત્યં ધર્મસ્ય તસ્માતૃ સત્યં ન લોપયેત્ ।**
**(મહાભારત શાન્તિ. ૧૬૨/૨૪)**

સત્યથી અધિક કોઈ ધર્મ નથી અને અસત્યથી અધિક કોઈ પાપ નથી. સત્યજ ધર્મનો આધાર છે. માટે સત્યનો કોઈ દિવસ ત્યાગ ન કરવો.

**પરિત્યજેયં ત્રૈલોક્યં રાજ્યં દેવેષુ વા પુનઃ ।**
**યદ્વાપ્યધિકમેતાભ્યાં ન તુ સત્યં કથઙ્ચન ॥**
**(ભીષ્મ મહાભારત)**

હે ગુરુજી ! હું ત્રણલોકના રાજ્ય માટે અથવા સ્વર્ગના સિંહાસન માટે અથવા બન્નેથી અધિક મહાન પદને માટે પણ સત્યને કદી છોડીશ નહિ.

**મમ પ્રતિજ્ઞાં ચ નિબોધ સત્યાં, વૃણે ધર્મમમૃતાજ્જીવિતાચ્ચ ।**
**રાજ્યં ચ પુત્રાશ્ચ યશો ધનં ચ, સર્વં ન સત્યસ્ય કલામુપૈતિ ॥**

મારી સત્ય પ્રતિજ્ઞા સમજો. હું ધર્મને અમરતાપણું અને જીવનથી શ્રેષ્ઠ માનું છું. સત્યની સામે રાજ્ય, પુત્ર, યશ અને ધન આદિની કંઈ કિંમત નથી.

સત્યજ પરમેશ્વરનું સ્વરૂપ છે. માટે સત્યમાં જરાપણ શંકા કરવી નહિ. આ બાબત પર મહારાજશ્રી વલ્લભરામે જણાવ્યું છે કે :-

**છપ્પા**

**શંકા ન હોય સત્યમાં, શંકા તે નહિ સત્;**
**અસત્યમાં શંકા ઘણી, છતાં ભોટને લત.**
**છતાં ભોટને લત, ગત પામેલી બુદ્ધિ;**
**ક્યાંથી તે વિશેષ ! લાવશે સમજણ શુદ્ધિ.**
**એક કળિને પ્રતાપ, લાગશે ધર્મે લંકા;**
**કહે છે ''વલ્લભરામ'', સત્યમાં ન હોય શંકા.**

(વધુ આવતાં અંકે)

ॐ

# સદ્‌ગુરુશ્રી રમુજીલાલ જન્મજયંતિ મહોત્સવ

પરમ પ્રિય મોક્ષમાર્ગ ધર્મપરિવારના વ્હાલા ભાઈઓ તથા બહેનો,
સૌને જય પરમાત્મા,

પરમકૃપાળુ પ્રભુ–પરમાત્મા તથા સદ્‌ગુરુશ્રી વલ્લભરામ મહારાજ તથા સદ્‌ગુરુશ્રી રમુજીલાલ મહારાજની કૃપા–પ્રેરણા–દયા તથા આશીર્વાદથી પરમપૂજ્ય ગુરુમહારાજશ્રીની આજ્ઞાનુસાર આગામી આસો સુદ એકમ યાને પ્રણવાધિવક્તા મોક્ષમાર્ગાચાર્ય સદ્‌ગુરુશ્રી રમુજીલાલ જન્મજયંતિ મહોત્સવ તા. ૧૩–૧૦–૨૦૧૫ને મંગળવારના શુભ દિને ૐકારેશ્વર મંદિર, વલ્લભવાડી, અમદાવાદ મધ્યે આનંદપૂર્વક ઉજવવામાં આવશે.

**● ૨૧ માસના મહામંત્રના પ્રયોગની પૂર્ણાહુતિ બાબતે ●**

પૂર્ણાહુતિ તા. ૨૦–૧૦–૨૦૧૫ને મંગળવાર (આસો સુદ ૭, સંવત ૨૦૭૧)ના રોજ વલ્લભવાડી અમદાવાદ મધ્યે કરાવવામાં આવશે.

**● ઉપવાસના નિયમો નીચે મુજબ છે. ●**

**પ્રથમ દિવસ** :- તા. ૧૮–૧૦–૨૦૧૫ને રવિવારના રોજ ફક્ત પાણી પીને જ ઉપવાસ રાખવો. આ દિવસે ચા, દૂધ, કોફી, પાન, બીડી, તમાકુ, છીકણી વગેરે વ્યસન કરવું નહિ. (ઉપવાસ તા. ૧૭–૧૦–૨૦૧૫ની રાત્રિના ૧૨–૦૦ વાગ્યાથી તા. ૧૮–૧૦–૨૦૧૫ની રાત્રિના ૧૨–૦૦ વાગ્યા સુધી ગણવો.)

**બીજો દિવસ** :- તા. ૧૯–૧૦–૨૦૧૫ને સોમવારના રોજ પાણી ઉપરાંત કેરી, કેળાં, જામફળ, રામફળ, સીતાફળ, સોપારી અને શ્રીફળ આટલા જ ફળો બીજું કંઇ પણ ભેળવ્યા સિવાય દિવસમાં ગમે તેટલી વાર લઈ શકાશે. તે સિવાય તે દિવસે ચા, દૂધ, કોફી, ફરાળી ચેવડો, ફરાળી પુરી, ડ્રાયફ્રુડ કે બીજી કોઈ વાનગી ખાઈ શકાશે નહિ. (ઉપવાસ તા. ૧૮–૧૦–૨૦૧૫ની રાત્રિના ૧૨–૦૦ વાગ્યાથી તા. ૧૯–૧૦–૨૦૧૫ની રાત્રિના ૧૨–૦૦ વાગ્યા સુધી ગણવો.)

**ત્રીજો દિવસ** :- તા. ૨૦–૧૦–૨૦૧૫ને મંગળવારના રોજ પાણી, ઉપર દર્શાવ્યા મુજબના ફળો, ઉપરાંત ચા, દૂધ, કોફી દિવસમાં ગમે તેટલી વાર લઈ શકાશે. પૂર્ણાહુતિ પૂર્ણ થયા પછી એક વાર અન્નનું ભોજન કરવું (ઉપવાસ તા. ૧૯–૧૦–૨૦૧૫ની રાત્રિના ૧૨–૦૦ વાગ્યાથી તા. ૨૦–૧૦–૨૦૧૫ની રાત્રિના ૧૨–૦૦ વાગ્યા સુધી ગણવો.)

- ઉપવાસ તેમજ પૂર્ણાહુતિના દિવસોએ બીડી, તમાકુ, છીંકણી, ગુટકા કે પાન વગેરેનું સેવન કરવું નહિ.
- ઉપરોક્ત પ્રયોગની પૂર્ણાહુતિ કરાવનારા પ્રયોગાર્થીઓએ પૂર્ણાહુતિ પહેલા બે દિવસ તેમજ પૂર્ણાહુતિ પછી એક દિવસ બ્રહ્મચર્યનું પાલન અવશ્ય કરવું.
- આ પ્રયોગની પૂર્ણાહુતિ કોઈના વતી થઈ શકશે નહિ.
- ઉપરોક્ત પ્રયોગની પૂર્ણાહુતિ પરમપૂજ્ય ગુરુમહારાજશ્રીની આજ્ઞાનુસાર થશે.

પૂર્ણાહુતિ કરાવનાર પ્રયોગાર્થીઓએ તા. ૧૮–૧૦–૨૦૧૫ને રવિવારની સાંજ સુધીમાં વલ્લભવાડી અમદાવાદ મધ્યે અવશ્ય આવી જવું.

**સુચના** :- મહાવિભૂતિ પ્રેરણામૂર્તિ સદ્‌ગુરુશ્રી વલ્લભરામધ્યાન પ્રયોગ તથા મહાવિભૂતિ પ્રેરણામૂર્તિ સદ્‌ગુરુશ્રી રમુજીલાલ ધ્યાન પ્રયોગ કરેલ હોય તેવા જે પ્રયોગાર્થી મોક્ષગમન થયા હોય તેઓની જે તે પ્રયોગની પૂર્ણાહુતિ કરાવવા માટે તેમના ઘરના કે કુટુંબી સગાએ પોતાના ગ્રામ પ્રતિનિધિનો સંપર્ક કરવાનો રહેશે.

છુટક નકલ રૂા. ૫-૦૦
વાર્ષિક લવાજમ રૂા. ૬૦-૦૦

Chetavni (GUJ) RNI No. GUJ GUJ / 2005 / 16095
Postal Regd. No. GAMC-1507/2015-2017 Valid up 31-Dec-2017
Posted at Ah'd PSO On 27th of Every Month
Licence to post without Prepayment No.
CPMG/GJ/129/2015-17 Valid upto 31-12-2017

**એવં વિદિત્વા "પરમાત્મરૂપં" ગુહાશયં નિષ્કલમદ્વિતીયં ।**
**સમસ્તસાક્ષિ સદસદ્વિહીતં પ્રયાતિ શુદ્ધં "પરમાત્મરુપં" ॥**

**અર્થ :– કૈવલ્યોપનિષત્‌માં જણાવ્યા મુજબ "પરમાત્મા" ને જાણીને, આત્મબુદ્ધિરૂપ ગુણોમાં રહેલ ગૂઢાત્મા ઉર્ફે (બીજે નામે) બ્રહ્મજ્ઞાની પુરૂષ, માયાવી સોળેકળા રહિત, માયાવી ગુણો રહિત, અદ્વિતીય (તેના જેવું, બીજું કોઈપણ નથી), ભાવોભાવ રહિત એટલે જન્મ–મૃત્યુ, મારું–તારું, સ્ત્રી–પુરૂષ, હર્ષ–શોકાદિ ભાવો માયામાં છે તેવા ભાવાભાવથી રહિત, સર્વોત્કૃષ્ટ (સર્વોત્મ) પરમાત્માના ગુણસ્વરૂપને જાણીને, સર્વના સાક્ષીરૂપ માયા વડે જે કદાપિ અશુદ્ધ થતા નથી તેવા શુદ્ધ "પરમાત્માના" સ્વરૂપને પ્રાપ્ત થાય છે. તે જ્ઞાનાજ્ઞાન, સત્યાસત્ય, દ્વંદ્વ વગેરેથી મુક્ત થઈને "પરમાત્માના" સ્વરૂપમાં તદ્રુપ (તેના જવું, તદાકાર) તન્મય (લીન યા એકાગ્ર) થાય તેને "મોક્ષ" થયો કહેવાય છે.**

**વર્ષ-૧૧, અંક-૯, સંવત ૨૦૭૧ ભાદરવા સુદ-૧૪, રવિવાર ૨૭-૦૯-૨૦૧૫**

**માલિક, મુદ્રક/પ્રકાશક અને તંત્રી** : જયવર્ધન રમુજીલાલ વ્યાસ
વલ્લભવાડી રામબાગ, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.
દ્વારા તા. ૨૭-૦૯-૨૦૧૫ના રોજ પ્રસિધ્ધ કર્યું.
**ચેતવણી કાર્યાલય** : વલ્લભવાડી, રામબાગ, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.
**મુદ્રણ સ્થળ** : ભવાની ઓફસેટ, ૩/૨૦, કૈલાસ એસ્ટેટ, ઓઢવ, અમદાવાદ-૩૮૨૪૧૫.